# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-10-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## વિચરતી વિમુક્તિ જાતિ સંમેલન:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, વિચરતી અને વિમુક્ત જાતિના લોકોની મદદ કરવા સરકાર હંમેશા તૈયાર છે. દરમિયાન તેમણે દરેક બાળકને શિક્ષણ આપવા, મહિલાઓને આત્મનિર્ભર બનાવવા લોકોને અપીલ કરી હતી.

આજે અમદાવાદમાં યોજાયેલા વિચરતી—વિમુક્ત જાતિઓના રાજ્ય સ્તરના મહાસંમેલનને સંબોધતા શ્રી પટેલે કહ્યું, છેવાડાનો માનવી મુખ્ય પ્રવાહમાં આવશે અને સાથે મળીને કામ થશે તો જ વિકસિત ભારતનો સંકલ્પ પૂર્ણ થશે. શ્રી પટેલે દરેક લોકોને સ્વદેશી ચીજ-વસ્તુઓનો જ ઉપયોગ કરવા પણ અપીલ કરી હતી.

---------------------------------------------------------------------------------------------

## ગુજરાત દીપોત્સવી અંક:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં 'ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત- 2081'નું વિમોચન કર્યું હતું. અંકમાં 27 અભ્યાસલેખો, 31 નવલિકાઓ, 17 વિનોદિકાઓ, 11 નાટિકા અને 97 કાવ્ય રચનાઓ સાથે 51 રંગીન તસવીરો અને ચિત્રો સમાવિષ્ટ છે. આ અંક ગુજરાતના સાહિત્ય, કલા, ઇતિહાસ અને સાંસ્કૃતિક વારસાને વાચકો સુધી પહોંચાડવાનું મહત્વપૂર્ણ માધ્યમ છે.

---------------------------------------------------------------------------------------------

## સ્વદેશી મેળાનું આયોજન:

ગાંધીધામ ખાતે 7 ઓકટોબરથી 20 ઓક્ટોબર દરમિયાન સાંજે 4થી રાત્રીના 10 વાગ્યા સુધી સ્વદેશી મેળાનું આયોજન કરાયું છે.

ગાંધીધામ મહાનગરપાલિકા અને દિનદયાલ પોર્ટ અથોરીટી કંડલા દ્વારા સ્થાનિક ઉત્પાદકો, કલાકૃતિઓ સેવાઓ, ક્રાફ્ટ અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા, લોકલ ફોર વોકલ અને મેક ઇન ઇન્ડિયા તેમજ વિકસિત ભારતની સંકલ્પનાને સાકાર કરવા સ્વદેશી મેળો યોજાશે. આ મેળામાં સ્વ્દેશી ઉત્પાદકની વસ્તુઓ, હસ્તકળા, આર્ટસ અને ક્રાફ્ટ માટે 50થી વધુ સ્ટોલ રાખવામાં આવ્યા છે તથા ફૂડ સ્ટોલ અને બાળકો માટે રમત ગમતની વ્યવસ્થા કરવામાં આવી છે. સ્વદેશી મેળામાં દરરોજ સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે.

---

## શક્તિ વાવાઝોડુ:

ગુજરાત નજીક અરબી સમુદ્રમાં સર્જાયેલ શક્તિ વાવાઝોડું પશ્ચિમ દિશામાં ધીમે ધીમે આગળ વધી રહ્યું છે. કચ્છ અને ગુજરાતમાં શક્તિ વાવાઝોડાની અસર નહીવત જોવા મળશે. આવતીકાલે ગુજરાત તરફ શક્તિ વાવાઝોડું યુ-ટર્ન લેશે ત્યારપછી વાવાઝોડું ધીમું પડવાની શક્યતા છે. આગામી પાંચ દિવસ રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ તો કેટલાક સ્થળોએ હળવા ઝાપટા પડી શકે. છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 6 ઓક્ટોબર સુધી પૂર્વ-ઉત્તર દિશામાં આ વાવાઝવડું આગળ વધી નબળું પડી જશે. માછીમારોને આગામી 5 દિવસ દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

---

## વરસાદ અને વિષમ હવામાન:

રાજ્યમાં વરસાદની આગાહી અને વિષમ હવામાનને કારણે ખેડૂતોમાં ચિંતા ફેલાઇ છે. વાગડ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી છૂટાછવાયા વરસાદને કારણે તલ, એરંડા, મગફળી અને દાડમના પાકને નુકસાન થયું છે. આજે પણ ભચાઉના કબરાઉ, કુંભારડી અને ગુણાતીતપુર

વિસ્તારમાં વરસાદી ઝાપટાં પડતાં મગફળી એકત્ર કરતા ખેડૂતોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

---

## સ્વદેશી રથનો પ્રારંભ:

માંડવીમાં પંડિત શ્યામજીકૃષ્ણ વર્મા સ્મારક ક્રાંતિ તીર્થ ખાતેથી સ્વદેશી રથનો પ્રારંભ કરવામાં આવ્યો છે. માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધ દવેના હસ્તે આ રથને લીલી ઝંડી આપવામાં આવી હતી.

આ સ્વદેશી રથ માંડવી તાલુકાના વિવિધ ગામોમાં ફરી સ્વદેશી વસ્તુઓના ઉપયોગ અંગે જાગૃતિ લાવવા માટે ચોપાનીયાનું વિતરણ કરશે. આ રથ ભારત સરકારની વિવિધ યોજનાઓને પણ લોકો સુધી પહોંચાડશે. આ પ્રસંગે વિવિધ સામાજિક અને રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## વેઇટ લિફ્ટિંગ સ્પર્ધા:

રાજ્ય કક્ષાની બહેનોની અંડર-17 અને અંદર 19ની વેઇટ લિફ્ટિંગ સ્પર્ધામાં ભુજની વિદ્યાર્થિનીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન દ્વારા શાળાનું નામ સમગ્ર રાજ્યમાં રોશન કર્યું છે. જાડેજા રાજશ્રીબાએ રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ પોતાનાં નામે કર્યો હતો. જે હવે નેશનલ કક્ષાની સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. સોની અનુષ્કા અને સોઢા દિવ્યાબાએ તૃતીય સ્થાન મેળવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યા છે. આ સિદ્ધિ બદલ તેઓને ઠેર ઠેર થી અભિનંદન મળી રહ્યા છે.

---

## ક્રિકેટ:

વુમન્સ વનડે વર્લ્ડ કપમાં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે મુકાબલો ચાલી રહ્યો છે. કોલંબોમાં પાકિસ્તાની ટીમે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લી મળતી માહિતી મુજબ ભારતે 40 ઓવરમાં 5 વિકેટ ગુમાવી 172 રન કર્યા છે.દિપ્તી શર્મા 11 અને સ્નેહ રાણા 4 રન સાથે દાવમાં છે.

---------------------------------------------------------------------------------------------

## ગુજ નિયોકોન 2025:

ભુજ ખાતે  ઇન્ડિયન એકેડેમી પિડિયાટ્રિક્સ ટ્રસ્ટ, કચ્છ શાખા દ્વારા નવજાત શિશુનાં આરોગ્ય સંબધિત યોજાયેલી ત્રિદિસીય પરિષદ `ગુજ નિયોકોન 2025'ના બીજા દિવસે નવજાત શિશુની સારવાર અંગે માહિતી આપવામાં આવી હતી.

આ પરિષદમાં  રાષ્ટ્રીય અધ્યક્ષ ડો.ભારતીએ 2030 સુધી નવજાત શિશુનો મૃત્યુદર ઓછો લાવવા સુચન કર્યુ હતું.

પ્રસુતિ પૂર્વેનું કાઉન્સિલિંગ, અધૂરા માસે જન્મેલા નવજાત શિશુના  મેનેજમેન્ટ,નવજાત શિશુના તાપમાનની  જાળવણી, સારવારમાં થતી માનવ સહજ ક્ષતિઓ અને તેને સુધારવાની રીતો સહિતના વિષયો પર  સંવાદ અને ગોષ્ઠી કરાઈ હતી.  અંગદાનના પ્રણેતાઓ દ્વારા અંગદાનની  પ્રવૃતિને  તબીબો આગળ વધારે તેવો અનુરોધ કરાયો હતો.

---------------------------------------------------------------------------------------------